સુવિચાર : બીજો માણસ આપણામાં વિશ્વાસ મુખી શકે એટલી ઊંચાઈ પ્રાપ્ત કરવી એનું નામ જ સફળતા - ફાધર વાલેસ

તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૨ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૫, સોમવાર ; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- અણણા ગરીબ અને દલિત વિરોધી છે : લાલુપ્રસાદ
- ચૂંટણીમાં લાભ લેવા માટે જ હિંસા ફેલાવાય છે : શિવસેના
- મોદીની આજે કૈમૂરમાં રેલી
- ઇમરજન્સી બાદ દેશમાં લોકશાહી મજબૂત થઇ : નરેન્દ્ર મોદી
- ટોપ નવ કંપનીની મૂડીમાં ૮૦૦૮૬ કરોડનો વધારો
- ભારત રશિયન મિસાઇલો ખરીદવા માટે ખુબ ઇચ્છુક
- ફાર્મા કંપનીઓ તબીબને ગિફ્ટ આપી શકશે નહીં
- સશસ્ત્ર દળમાં મહિલાઓ માટે નિર્ણાયક ભૂમિકા અંગે નિર્ણય થશે : સંરક્ષણ મંત્રી
- જેટ-એર ઇન્ડિયાના ૬૨ પાયલોટ ઇન્ડિગોમાં જોડાયા
- અમિતાભના જન્મ દિવસે કરોડો ચાહકોની શુભેચ્છા
- ભારત - દક્ષિણ આફ્રિકાની પ્રથમ વનડે આફ્રિકા પાંચ રને વિજય

# આજે નીતીશની પ્રતિષ્ઠા દાવ પર

## ૨૦૧૦માં ૪૯ પૈકી ૨૯માં જીત થઇ હતી : ભાજપથી અલગ પડ્યા બાદ નીતીશ કુમાર સામે પોતાની પાર્ટીની બેઠકો જાળવવા માટેનો મોટો પડકાર : અહેવાલ



પટણા,તા. ૧૧

બિહારમાં આવતીકાલે પ્રથમ તબક્કામાં ૪૯ બેઠકો પર મતદાન યોજનાર છે. તમામ રાજકીય પંડિતો અને રાજકીય નિષ્ણાંતો માને છે કે પ્રથમ તબક્કામાં બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમારની પ્રતિષ્ઠા દાવ પર છે. કારણ કે પ્રથમ તબક્કામાં જે ૪૯ બેઠકો પર ચૂંટણી યોજનાર છે તે બેઠકો પૈકી જેડીયુએ વર્ષ ૨૦૧૦માં ૨૯ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. જો કે સ્થિતી આ વખતે અલગ છે.છેલ્લી વિધાનસભાની ચૂંટણી દરમિયાન આ ૪૯ બેઠકો પૈકી ભાજપે ૧૩ બેઠકો જીતી હતી. આરજેડીની પાસે ચાર બેઠકો છે. કારણ કે છેલ્લી ચૂંટણીમાં ભાજપ અને જેડીયુ એકસાથે હતા. બન્ને પક્ષો લાંબા સમય સુધી એક સાથે રહ્યા બાદ લોકસભાની ચૂંટણી પહેલા એકબીજાથી અલગ થઈ ગયા હતા. નરેન્દ્ર મોદીને ભાજપ દ્વારા વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે લોકસભાની ચૂટણી વેળા જાહેર કરવામાં આવ્યા બાદ જેડીયુ અને ભાજપ વચ્ચે સંબંધોનો અંત આવ્યો હતો. મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે સ્વીકારવા જેડીયુએ ઈન્કાર કર્યો હતો. બિહારમાં લોકસભાની ચૂંટણી દરમિયાન ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો હતો. મોદી લહેર વચ્ચે લાલુ અને નિતીશ કુમારનો સફાયો થયો હતો. પ્રથમ તબક્કામાં મોટા ભાગની બેઠકો પર જીત મેળવી લેવા માટે ભાજપ, જેડીયુ અને આરજેડી દ્વારા તમામ તાકાત લગાવી દેવામાં આવી હતી.

# અનામત નહિ હટાવાય : મોદી

મુંબઈ,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



આજે અનામતના મુદ્દે આક્રમક રજૂઆત કરી હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભાજપ અનામતની વિરુદ્ધમાં છે તેવી અફવા ફેલાવવામાં આવી રહી છે. આજે સાંજે મુંબઈમાં એક જાહેર સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, એવી અફવા ફેલાવવામાં આવી રહી છે કે, સરકાર અનામતની વ્યવસ્થાને રદ કરવાની દિશામાં આગળ વધી રહી છે જ્યારે ભાજપ સરકાર સત્તામાં આવે છે ત્યારે આ

**વિરોધ પક્ષો અને કેટલાક લોકો અફવા ફેલાવી રહ્યા છે : અનામત વ્યવસ્થા રદ થઈ જશે તેવી આધારવગરની વાત ફેલાવવામાં આવી રહી છે : નરેન્દ્ર મોદીની સ્પષ્ટતા**

પ્રકારની અફવા ફેલાવવામાં આવે છે. અટલ બિહારી વાજપેયી સરકાર વખતે પણ આવી અફવા ફેલાવવામાં આવી હતી.

એમએમઆરડીએ ગ્રાઉન્ડ ખાતે બે ઈલેવેટેડ મેટ્રો પ્રોજેક્ટ માટે આધારશીલા મુક્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, બિનજરૂરીરીતે વિરોધી પક્ષો દ્વારા અફવા ફેલાવવામાં આવી રહી છે. સંઘના વડા મોહન ભાગવતે હાલમાં જ અનામતની નીતિની સમીક્ષા માટે ટિપ્પણી કરી હતી. ત્યારબાદથી ભાજપનો વિરોધ થઈ રહ્યો હતો.

# મતદાન માટે અભૂતપૂર્વ સલામતી

પટણા, તા.૧૧

બિહારમાં પ્રથમ તબક્કાની ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે લોંખડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પહેલાથી જ તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. દરેક મતદાન મથકો પર કેન્દ્રિય અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત ડ્રોન અને હેલિકોપ્ટર મારફતે પણ તમામ ગતિવિધી પર નજર રાખવામાં આવી રહી છે. બિહારમાં પ્રથમ તબક્કાની ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા છેલ્લા કેટલાક દિવસથી જવાનોની તૈનાતી કરવામાં આવી રહી હતી. હજારો કેન્દ્રિય અર્ધલશ્કરી દળના જવાનો મોરચા સંભાળી લીધા છે. બિહારમાં કુલ પાંચ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. પ્રથમ તબક્કામાં આવતીકાલે મતદાન યોજાયા બાદ ચૂંટણીની પ્રક્રિયા પાંચમી નવેમ્બર સુધી ચાલનાર છે. મતગણતરીની પ્રક્રિયા આઠમી નવેમ્બરના દિવસે યોજનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિહારમાં ૨૪૩ સભ્યોની વિધાનસભાની અવધિ ૨૯મી નવેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહી છે. તમામ રાજકીય પક્ષો પોત પોતાની તાકાત લગાવી ચુક્યા છે.

**તમામ મતદાન મથકો ઉપર અર્ધલશ્કરી દળ ચૂંટણીની પ્રક્રિયા પર ડ્રોન અને હેલિકોપ્ટર મારફતે પણ ચાંપતી નજર રાખવામાં આવશે**

# ડિપ ડિપ્રેશન છતાં વરસાદની પડવાની સંભાવના ઓછી

## રાજ્યમાં તાપમાનમાં સતત ફેરફારનો દોર : અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૬.૭ ડિગ્રી : વરસાદની શક્યતા ઓછી છતાં માછીમારોને સાવધાન રહેવા સૂચન

અમદાવાદ,તા. ૧૧

પૂર્વ અને મધ્ય અરેબિયન દરિયા ઉપર ડિપ્રેશનની સ્થિતિ સર્જાયેલી છે જે હવે ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધીને ડિપડિપ્રેશનમાં ફેરાવાઈ હોવા છતાં ગુજરાતમાં તેની કોઇ વધારે અસર દેખાઈ તેવા કોઇ સંકેત દેખાઈ રહ્યા નથી. ડિપ્રેશનના પરિણામ સ્વરુપે વરસાદની શક્યતા દેખાઈ રહી નથી. જો કે, હવામાન વિભાગે હજુ પણ દક્ષિણ ગુજરાતના દરિયા કાંઠે રહેતા લોકોને સાવધાની રાખવા કહ્યું છે. આગામી ૪૮ કલાક દરમિયાન સાવચેતી રાખવા કહેવામાં આવ્યું છે. આઈએમડીના કહેવા મુજબ ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી હજુ પણ થયેલી છે. બીજી બાજુ ગરમીનો અનુભવ લોકો હજુ પણ કરી રહ્યા છે. આજે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૬ અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર કચ્છના વિવિધ ભાગોમાં પણ મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ભારે ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આ સ્થિતિ હાલમાં યથાવત રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રાજકોટમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૯ ડિગ્રી રહ્યું હતું. હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાની આગાહી વચ્ચે હવામાન વિભાગનું કહેવું છે કે, ડિપ્રેશનની સ્થિતિ ગુજરાતથી દૂર છે જેથી રાજ્યો ઉપર તેની કોઇ અસર થશે નહીં. ૨૯મી સપ્ટેમ્બરના દિવસે જ ગુજરાતમાંથી દક્ષિણ પશ્ચિમ મોનસુન ખેંચાવવાની શરૂઆત થઈ ચુકી હતી.

# આવતીકાલથી શહેર ગરબામય બનશે

ગાંધીનગર, તા. ૧૧

શક્તિ અને આરાધાનાના પર્વ નવરાત્રીનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. ગાંધીનગરમાં નવરાત્રીને આવકારવા અને માણવા માટે વિશેષ તૈયારીઓ થઈ રહી છે. સેક્ટરોમાં શેરી ગરબાથી લઈને સંસ્થાઓના ગરબા આયોજકો છેલ્લી ઘડીની તૈયારીમાં લાગી ગયા છે.

ગુજરાતની એક ઓળખ તેના સૌથી લાંબા ચાલતા નૃત્યોત્સવ નવરાત્રીથી પણ છે. વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં નવરાત્રી પર્વની ઉજવણી નાના-મોટા ગ્રુપમાં અચુક થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગરની નવરાત્રીની લોકપ્રિયતા વધતી જાય છે. દાયકા અગાઉ નવરાત્રીની મજા માણવા અમદાવાદ, વડોદરા સુધી જતા યુવાનોને હવે ઘરઆંગણે દિવ્ય-ભવ્ય નવરાત્રીનો માહોલ પ્રાપ્ત થાય છે. એટલુ જ નહી હવે કુડાસણ સુધી નવરાત્રીના નાના-મોટા આયોજનો થાય છે. સેક્ટરોમાં થતાં શેરી ગરબાઓમાં પણ ખુબ ભીડ જામે છે. શહેરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારોના ભાવિકોની શેરી ગરબાઓમાં સારી એવી ભીડ



**વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવને માણવા ગાંધીનગરાઓમાં ભારે ઉત્સાહ : યુવાનો વિશેષ તૈયારીઓમાં જોતરાયા**

જોવા મળે છે. આ ઉપરાંત શહેરમાં ત્રણ સ્થળોએ યોજાતા પાર્ટીપ્લોટના નવરાત્રી મહોત્સવમાં તો યુવાનોનું ઘોડાપુર ઉમટે છે. છેલ્લા બે વર્ષથી વરસાદના વિઘ્નના કારણે નવરાત્રીની પુરેપુરી મજા માણી શકાઈ ન હતી. આ વર્ષે વરસાદની વિઘ્ન નડે તેવા સંજોગો લાગતા ન હોઈ નવરાત્રી પર્વનો વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરની નવરાત્રી માણવા અમદાવાદ સહિત આસપાસના શહેરો - વિસ્તારોના ભાવિકો - યુવાનો ગાંધીનગર આવે છે.

નવરાત્રી શરૂ થવાને હવે માત્ર ઘડીઓ ગણાઈ રહી છે. ત્યારે આયોજકો છેલ્લી ઘડીની તૈયારીઓમાં જોતરાયા છે. ગાંધીનગરમાં હવે નવા જુના સેક્ટરોથી લઈને છેક કોબા-




